# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-11-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GOVT DECISION CROP

રાજ્ય સરકાર  આગામી નવ નવેમ્બરથી મગફળી , સોયાબીન, મગ અને અડદની ટેકાના ભાવે ખરીદી શરૂ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપતા કહ્યું , કમોસમી વરસાદની અણધારી આફતના કારણે રાજ્યના અનેક ખેડૂતોના પાકને નુકસાન થયું છે. ત્યારે સરકાર ખેડૂતોની પડખે ઊભી છે. કુદરતી આપત્તિની આ સ્થિતિમાં સરકારે ખેડૂત પરિવારોની આર્થિક સુખાકારીની ચિંતા કરી છે.

. . . . . . . .

# GURU NANAK DEV JAYANTI

સિખ ધર્મના સંસ્થાપક ગુરુનાનક દેવજીની આજે 556-મી જયંતી છે. ગુરુ પરબના નામે ઓળખાતી ગુરુનાનક જંયતીની રાજ્ય સહિત સમગ્ર દેશમાં ઉજવણી થઈ રહી છે. ગુરુનાનક દેવ સિખ ધર્મના 10 ગુરુમાંથી પહેલા ગુરુ હતા. કારતક પૂનમ નિમિત્તે દર વર્ષે ગુરુ પરબ ઑક્ટોબર કે નવેમ્બર મહિનામાં ઉજવામાં આવે છે. આ સિખ ધર્મના સૌથી પાવન તહેવારમાંથી એક આ પર્વની દેશ અને વિદેશમાં શ્રદ્ધાળુઓ ધામધૂમથી ઉજવણી કરે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં પ્રકાશ પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે લખ્યું, ગુરુનાનક દેવજીએ માનવજાત સમક્ષ સત્યનો પથ પ્રદર્શિત કર્યો. અધ્યાત્મના ઊંડાણને તેમણે સરળ શબ્દોમાં સમજાવ્યું. તેમણે સમાજમાં પ્રવર્તતા ભેદભાવ દૂર કરીને સેવા અને સમાનતાનો શાશ્વત સંદેશ ફેલાવ્યો હતો. તેમનો ઉપદેશ સદૈવ માનવજીવનના કલ્યાણ અને શાંતિનો માર્ગ બતાવતો રહેશે.

. .

# BHARUCH GURU NANAK JAYANTI

ભરૂચમાં નર્મદા નદી કિનારે આવેલા ચાદર સાહિબ ગુરુદ્વારામાં ગુરુનાનક જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. શ્રદ્ધાળુઓએ ગુરુનાનક દેવજીના દર્શન કરી ગુરુવાણીના પાઠ દ્વારા આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો. હજારો વર્ષો પહેલાં ગુરુ નાનક દેવજી ગુરુવાણીના પ્રચાર અને માનવતાને સત્યના માર્ગે દોરવા નીકળ્યા ત્યારે તેઓ ભરૂચ શહેરમાં આવ્યા હોવાની માન્યતા છે. અહીં તેમણે ચાદર પર બિરાજમાન થઈ નર્મદા નદીને પાર કરી હતી. આ ઐતિહાસિક પ્રસંગની યાદમાં અહીં નિર્મિત ગુરુદ્વારાને ચાદર સાહિબ ગુરુદ્વારા તરીકે ઓળખવામાં આવે છે.

. . . . . .

# ARVALLI LOK MELO

અરવલ્લીમાં આવેલા રાજ્યના સુપ્રસિદ્ધ શામળાજીમાં કાર્તિકીના ભવ્ય લોકમેળામાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. રાજસ્થાન , મધ્યપ્રદેશ સહિતના રાજ્યમાંથી લાખો ભક્તો કાળિયા ઠાકોરના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. મેશ્વો નદીમાં આવેલા પવિત્ર નાગધરા કુંડમાં સ્નાન કરીને ભાવિકો ધન્ય બન્યાં હતાં. આ અંગે મહારાજ પ્રકાશ પંડ્યાએ વધુ માહિતી આપી.

(બાઈટઃ પ્રકાશ પંડ્યા, મહારાજ)

. . . . . . . . . . . . .

# DWARKA TEMPLE

દેવભૂમિદ્વારકાના પ્રસિદ્ધ યાત્રાધામમાં કારતક પૂનમ અને દેવદિવાળી નિમિત્તે ભક્તોની ભીડ ઉમટી છે. વહેલી સવારથી પવિત્ર ગોમતી નદીમાં સ્નાન બાદ શ્રીજીનાં દર્શન કરવા ભક્તોની લાંબી કતાર જોવા મળી હતી. જગત મંદિર દ્વારકાધીશ વહીવટીદાર સમિતિ દ્વારા પણ ભક્તોની સગવડતા પર પૂરતું ધ્યાન અપાયું. જ્યારે જિલ્લા પોલીસ દ્વારા સ્વર્ગદ્વાર અને મોક્ષદ્વાર પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

. . . . . . . . .

# DEV DIWALI CELEBRATION

ખેડામાં આવેલા સુપ્રસિદ્ધ ડાકોર રાજા રણછોડરાયજી મંદિરમાં દેવદિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. સવારથી જ ભક્તોની ભીડ ઉમટી છે. ભક્તો 52 ગજની ધોળી ધજા લઈ પગપાળા ભગવાનના આશીર્વાદ લેવા આવ્યા હતા.

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં પણ કારતક પૂનમ નિમિત્તે આજે રાત્રે 12 વાગ્યે મહાઆરતી કરાશે. ભક્તો રાત્રે એક વાગ્યા સુધી મંદિરમાં દર્શન કરી શકશે.

. . . . . . . .

# BHARUCH DEATH

ભરૂચ જિલ્લામાં આજે વીજ કરંટ અને ડૂબી જવાની ઘટનામાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. કબીરવડ નજીક એક યુવકનું ડૂબી જવાથી મોત થયું છે. સવારે 6 વાગે ચાર મિત્રોમાંથી 2 મિત્ર નદીમાં ન્હાવા ગયા હતા તે દરમિયાન નદીમાં પાણીનો પ્રવાહ તેજ હોવાના કારણે એક મિત્ર તણાઈ ગયો હતો . ઘટનાની જાણ થતાં જ અગ્નિશામન દળ તથા સ્થાનિક માછીમારો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને યુવાનને શોધવા માટે તજવીજ હાથ ધરી હતી.

બીજી તરફ ભરૂચ તાલુકાના શુક્લતીર્થ ગામમાં ખેતરે ગયેલી મહિલાનું ઝટકા મશીનનો કરંટ લાગતા મોત નીપજ્યાંના અહેવાલ છે.

. . . . . .

# GANDHINAGAR SIR

રાજ્યમાં મતદારની યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે 4 ડિસેમ્બર સુધી ચાલશે ત્યારે આ કામગીરીમાં નાગરિકોને સંપૂર્ણ સહયોગ આપવા ગાંધીનગર જિલ્લા કલેક્ટર મેહુલ દવેએ અનુરોધ કર્યો છે.

(બાઇટ : મેહુલ દવે – જિલ્લા કલેકટર)

દરમિયાન અમરેલી જિલ્લાના 1371 મતદાન મથકોના 12 લાખ 71 હજાર 375 મતદારોની ઘરે-ઘરે મુલાકાત કરી ગણતરી પત્રક આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

. . . . . .

# SUPERMOON

આજે રાત્રે વર્ષ 2025નો સૌથી તેજસ્વી અને સૌથી મોટો ચંદ્ર એટલે કે સુપરમૂનનો અવકાશી નજારો જોવા મળશે. ઑક્ટોબર 2025 થી જાન્યુઆરી 2026 સુધીના ચાર સુપરમૂનની શ્રેણીનો આ બીજો સુપરમૂન છે. આ અસાધારણ પૂર્ણ ચંદ્ર સામાન્ય કરતાં લગભગ 14 ટકા મોટો અને 30 ટકા વધુ તેજસ્વી દેખાશે , કારણ કે તે પૃથ્વીના સૌથી નજીકના બિંદુ - સુધી પહોંચશે.

આ કોસ્મિક ઘટનાની ઉજવણી કરવા GUJCOSTના દરેક જિલ્લામાં તેના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો અને સમુદાય વિજ્ઞાન કેન્દ્રો દ્વારા , 6 નવેમ્બરની સાંજ સુધી ખાસ સુપરમૂન વોચ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . .